॥ ૐ ॥

જોતિષ

યાને

સાધુની પેટંટ યુક્તિ.

તરંગ ૧ લો.

લેખક અને પ્રકાશક

ભાગીરથ પ્રભાશંકર શર્મા.

સારંગપુર નાની હવેલીની પોળ—અમદાવાદ.



પ્રથમ આવૃત્તિ.] સને ૧૯૧૫. [પ્રત ૨૦૦૦.

અમદાવાદ.

કાળુપુર ટંકશાળમાં ધી યુનિયન પ્રન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં

મોતીલાલ સામળદાસે છાપ્યું.

કીમત રૂ ૦-૦-૬.

અર્પણ પત્રીકા.

સ્વર્ગસ્થ પામેલા ઔદીચ્ય વંશોત્તિર્ણ દવે ચંદ્રકાન્ત
ઉર્ફે માણેકલાલ ગોવીંદલાલ.
રાયપુર ભાઉઆની પોળ—અમદાવાદ.

પ્રત્યેક મિત્રમંડળ તથા જ્ઞાતી પ્રતિની, આપશ્રીની દિલો-
સાજ લાગણી, કદી પણ ભુલી શકાય નહિ, તેવી
ગાંભિર્યતા, ઔદાર્યતા ઇત્યાદિ સદ્‌ગુણોથી
આકર્ષાઇ આપશ્રીની સાથે મને થ-
એલા, નિકટ પરિચયના સ્મર-
ણાર્થે આ લઘુ પુસ્તક આ-
પશ્રીને અર્પણ કરૂંછું.

લી૦ આપનો હમેશનો વિયોગી મિત્ર
ભાગીરથ પ્રભાશંકર શર્મા.
દરિયાપુર નાની હવેલીની પોળ—અમદાવાદ

ટુંક જીવન ચરિત્ર.

દવે ચંદ્રકાન્ત ઉર્ફે માણેકલાલ ગોવીંદલાલ અમદાવાદ રાયપુર ભાઉઆની પોળના, સદરહુ સદ્‌ગૃહસ્થ એક ઔદીચ્ય સહસ્ત્ર જ્ઞાતિમાં નામાંકિત પુરૂષ હતા, તેમના પિતાશ્રી તથા પરપિતાશ્રી લીંબડામાં કામદાર (કારભારી) હતા. ત્યાં તેમણે ઘણીજ સારી આબરૂ મેળવી હતી. કારણ કે ત્યાંના દરબારશ્રી ઘણાજ કદરદાન હતા. હાલ તેમના નાના કુમારશ્રી ભાઉભા સાહેબે ઘણીજ સારી કેળવણી મેળવી છે. ને થોડા વખતમાં તેઓ નામાંકિત દરબારોમાં શ્રેષ્ટતા મેળવશે એવી તેમના હીતસ્વીઓ ધારણા રાખે છે. મી० ચંદ્રકાન્ત ઉર્ફે માણેકલાલ ગોવીંદલાલ દવે પોતે નાની વયમાં ગુજરાતી પુર્ણ અભ્યાસ કરી રહ્યા, એટલે તેમના પીતાશ્રી સ્વર્ગસ્થ થયા હતા. તેથી તેમણે વધારે પરિશ્રમ વેઠી ટુંક મુદતમાં, મેટ્રીકયુલેશનનો અભ્યાસ કરી ઇંગ્લીશ સ્કુલમાં માસ્તર તરીકે નોકરી મેળવ્યા પછી તારનું કામ શીખી કરાંચી સુધી પ્રવાસ કરી તાર ઑફીસમાં ઑફીશીયલ નોકરી લઇ સારાં કામોથી સારી નામના મેળવી હતી. હવે તેઓ વધારે આગળ પડી નામાંકીત પુરૂષોમાં બેસી વધારે શોભા આપશે એવું પરમાત્માને ન ગમવાથી તથા તેમના મિત્રમંડળ અને સહકુટુંબને દુઃખ દેવાના હેતુથી તથા પરમાત્માને તેમનું જરૂરીયાત કામ હોવાથી, પોતાની હજુરમાં બોલાવી લઇ મને તથા તેમના બીજા હીતસ્વીઓને પુર્વે કરેલાં પાપોની સજા આપી નિર્ભાગી બનાવ્યા છે.

લી० અહોનીશ યાદ કરનાર વિ० મિત્ર,

ભાગીરથ પ્રભાશંકર શર્મા.

દરિયાપુર નાની હવેલીની પોળ--**અમદાવાદ.**

શ્રી ॥ ॐ ॥ શ્રી.

જ્યોતિષ યાને સાધુની પેટંટ યુક્તિ.

આજે વિશ્વનાથ શર્મ્મા કેટલાંક કારણોને લીધે નોકરીપરથી રજા લેઈ, ઘેર રહ્યા હતા. તેમને ઘરમાં કાંઈ પણ ગમતું નહોતું, તેથી છજામાં આમ તેમ ફરતા હતા. ને પોળના દરવાજા તરફ પળે પળે જોતા હતા. જાણે, કોઇએ આપેલી મુદત (વાયદો) વીતી ગઇ હોય તેમ, તેમ મોંના ઉપર રંગ તરંગોએ જુદી જાતનો દેખાવ કરી મૂકયો હતો. અત્યારે પોળમાં સ્ત્રીવર્ગ સિવાય બીજું કોઈ પણ હાજર હતું નહિ. કારણ કે પુરુષો સૌ સૌની નોકરી ઉપર ગયા હતા, ને છોકરાઓ સ્કુલમાં ભણવા ગયા હતા. આવો તાકડો સાધી એક સાધુ પોળમાં દાખલ થયો. તે પ્રથમ જ વિશ્વનાથ શર્મ્માની નજરે પડયો. પરંતુ વિશ્વનાથ શર્મ્માને તેનું શું કામ ? તે કાંઇ તેની રાહ જોતા નહોતા. પણ તે તો મનોરમાનેજ યાદ કરી મિનિટો ગણતા હતા. આ સાધુએ એક મહાપુરૂષનો પોષાક પહેરેલો હોવાથી, આ વિશ્વનાથ શર્મ્માનું લક્ષ વધારે આકર્ષાયું. તેમાં પણ તે મહારાજ મોટેથી ટહેલ નાખતા હતા. તે ટહેલના શબ્દો તેમને વધારે લક્ષ્યસૂચક થયા. તેથી તે શબ્દો તેમણે પોતાની નોંધ પોથીમાં ટાંકી લીધા. તે આ પ્રમાણે હતા.

મણી મનોહર આવ્યું હાથ, ખોશો નહિ સમજો મન સાથ;
મનુષ્ય જન્મ વળી સુંદર જાત, તે તો હજુ તમારે હાથ.
ગયો વખત આવે નહિ હાથ, નાટકના રાજા સમ પાઠ;
કુમતિ સુમતિ નારિ બેય, વારાફરતી આવે તેય.
કુમતિ સંગ રમે જો રંગ, પહોચાડે ભય સાગર સંગ;
સુમતિ સંગ કરે જો પ્રીત, જમ રાજાની ન રહે બીક.
માટે સમજો હે સજ્જન, દયા ધર્મ કાંઇ કરો ભજન;
તો થાશે મુક્તિ તત્કાળ, ફરી ફરી આવે નહિ લાલ.

આમ બોલતો બોલતો તે સાધુ તેમના ઘર આગળ આવી પહોંચ્યો. પડોશમાં કેટલાંક બૈરાંઓ ભેગાં મળી ગપ્પાંસપ્પાં મારતાં હતાં. એટલામાં એક બાઈ બોલી. મહારાજ "ૐ નમો નારાયણાય," મહારાજે પોતાનો જમણો હાથ લંબાવવા સાથે ઊંચો કરી બોલ્યા "જયનારાયણ" બાઇ તમારૂં ઇશ્વર કલ્યાણ કરો— મહારાજ એટલું બોલે છે, તેટલામાં એક બીજી બાઇ બોલી ઉઠી. મહારાજ આપે અમને દર્શન આપી કૃતાર્થ કર્યા છે, તો આશા છે કે આપ અત્રે થોડીવાર સત્સંગ તથા આપની અમૃત તૂલ્ય વાણીથી પાવન કરશો. એમ કહેતાંની સાથેજ તે બાઇએ ઘરના અંદરથી સાલ્લાથી સુરચિત કંથા મહારાજશ્રીને ઓટલા ઉપર પાથરી આપી, અને તે પર બેસવા જણાવ્યું. મહારાજ તે પર બિરાજમાન થયા એટલે વિશ્વનાથ શર્મ્માના સાખ પાડોશી મોહીનીબાઈ બોલી ઉઠયાં. મહારાજશ્રી ! આપે ભજન કે ટહેલ જે ગાયું હોય, તેનો અર્થ સમજાવી અમોને કૃતાર્થ કરશો. મહાત્માએ કહ્યું, સાંભળો ત્યારે.—

૧ મણી મનોહર આવ્યું હાથ, ખોશો નહિ સમજો મન સાથ.

(એટલે) મનનું હરણ કરે એવો મણી રૂપી આ દેહ હાથમાં આવ્યો છે. માટે મનમાં બરોબર વિચાર કરી નકામો ગુમાવશો નહિ.

૨ મનુષ્ય જન્મ વળી સુંદર જાત, તે તો હજુ તમારે હાથ.

(એટલે) વળી ઉંચામાં ઉંચો મનુષ્ય અવતાર છે. તે સફળ કરવો હજુ તમારા હાથમાં છે.

૩ ગયો વખત આવે નહિ હાથ, નાટકના રાજા સમ પાઠ;

(એટલે) આ વખત મનુષ્ય દેહ આવ્યો છે. તે ગયેલો ફરીને હાથ આવવાનો નથી. જેમ નાટકમાં કોઇ માણસ રાજાનો પાઠ લઇને આવ્યો અને તેને તે વેષ જો શોભતો ન આવ્યો, તો તે બદલીને તેને ઢેડ, ભંગી કે સિપાઇ વીગેરેનો પાઠ આપે છે. તેમજ આપણે પણ મનુષ્ય કર્તવ્ય નહિ બજાવીએ તો, ફરીથી માણસનો અવતાર મળવો દુર્લભ છે.

૪ કુમતિ સુમતિ નારી બેય, વારાફરતી આવે તેય. (એટલે)

દરેક માણસમાં કુમતિ એટલે નઠારી બુદ્ધિ, સુમતિ એટલે સારી બુદ્ધિ વારાફરતી પ્રવેશ કરે છે.

૫ કુમતિ સંગ રમે જો રંગ, પહોંચાડે ભયસાગર સંગ. (એટલે)

જો આપણે ખરાબ બુદ્ધિ પ્રમાણે ચાલીશું, તો તે ભયસાગર એટલે બીકના મોટા સમુદ્ર લક્ષચોરાશીમાં નાંખી દેશે.

૬ સુમતિ સંગ કરે જો પ્રીત, જમરાજાની નવ રહે બીક. (એટલે)

જો સારી બુદ્ધિ પ્રમાણે વર્તીશું તો, યમરાજાના દંડનો ભય રહેશે નહિ.

૭ માટે સમજો હે સજ્જન, દયા ધમ કાંઇ કરો ભજન. (એટલે)

માટે હે સારા માણસો તમે એવું સમજીને, દયા રાખો, ધર્મ કરો, અને ભજન કીર્તન પણ કરો.

૮ તો થાશે મુક્તિ તત્કાળ, ફરી ફરી નહિ આવે લાલ. (એટલે)

તો તમારી મુક્તિ તુરત થશે. અને જન્મ મરણરૂપી દુઃખમાંથી મૂક્ત થશો. ને ફરી ફરીને લાલ એટલે હીરા જેવો મનુષ્ય અવતાર મળવાનો નથી

એટલું બોલી રહ્યા પછી હરિ ૐ તત્સત્ કહી ચૂપ બેઠા. મહારાજશ્રીનું વિવેચન સાંભળી સ્ત્રીઓ ચકીત થઈ ગઇ. અને જેમ મદારીએ જંગલમાં વગાડેલી મોરલીના રાગથી મોહીત થઇ, સાપ, તે વગાડનારની આંતર્ય કપટ વૃત્તિને ન ઓળખતાં, વગાડનારના સામુંજ જોઇ રહે છે, તેમ પારધીની બંસી સાંભળી મોહીત થએલાં હરણો માફક, આ મહિલા હરણીઓ પણ મહારાજ તરફ મોહીત થઇ જોવા લાગી. અને જાણે આપણા માટે ખાસ પરમેશ્વરજ આવ્યા હોય તેમ માનવા લાગી. અને વાહ, વાહ ! કરવા લાગી. મોહીની હાથ જોડી બોલી, મહારાજ આપ અમારાં દુર્ભાગ્ય સુધારશો. મહારાજ તુરત સ્ત્રીની સ્વાભાવિક ઇચ્છા જાણી લઇ બોલ્યા, બાઇ હું તારૂં દુઃખ જાણુંછું તારે પુત્ર નથી તેની તું આશા રાખે છે. પણ એકવાર મારે તારા નસીબનો વર્ત્તારો જોવો જોઇએ. તરતજ તે બાઇએ હાથ ધર્યો. તેની સાથેજ બીજીઓના દશ પંદર કોમળહસ્ત કમળો મહારાજનાં ચર્મચક્ષુ આગળ હાજર થયા. કોનો હાથ જોવો તે પણ વિચાર થઇ પડયો. પછી ધીરે રહીને પોતાની "પેટંટ યુક્તિ" કામે લગાડી,

અને બોલ્યા. એકલો હાથ જોવાથી કાંઇ જણાતું નથી, પણ બધી રેખાઓ તપાસી તાળો મેળવવો પડે છે. તે બાબતમાં જુઓ હું તમને સમજ પાડું. જોષી લોકો જોષ જુએ છે, તે સાચા પડતા નથી દાખલા તરીકે તેઓ પોતે પરણીને તુરત રાંડે છે. ત્યારે જોષ ખોટા કે જોષી: જોષી ખોટા પણ જોષ ખોટા નહિ. કારણ કે તે લોકો બરાબર તાળો મેળવતા નથી. એ તાળો મેળવતાં તો અમારા જેવા કોઇક મહાત્માનેજ આવડે. માટે જો તમારી ઇચ્છા હોય તો એકાંતમાં સર્વ રેખાઓ તપાસી ખરેખરૂં ભવિષ્ય વર્તી આપીશ. તે પણ દરરોજ એક જણનુંજ ભવિષ્ય જોઇ શકાશે. આ સાંભળી મોહીની બોલી ઉઠી. આશા છે કે મહારાજશ્રી આજ મારા ઉપરજ કૃપા કરશે. મહારાજશ્રીએ કહ્યું ભલે ચાલો. આજે તમારા નસીબનો વારો જોઇએ. એમ કહી મહારાજે ઘરમાં ચાલવા મટે ઇસારો કર્યો. ઇસારા સાથે મોહિની ઉઠી ઉભી થઇ અને પૂછ્યું. મહારાજ! મહિલાગૌરી મારી બેનપણીને સાથે રાખીએ તો કાંઇ વાંધો છે? મહારાજે કહ્યું, ના, વાંધો કાંઇ નથી. પણ તાળો મેળવતાં એના સામું જોવાય ને વાત થાય તો ભૂલ આવે. તેથી તમારૂં ભવિષ્ય ખોટું જોવાય, ને મારાં વચનો ખોટાં પડે. તેથી બીજો મોટો વાંધો એકે નથી તેથી મોહીની એકલીજ મહારાજશ્રીને સાથે લેઇ પોતાના મેડા ઉપર ગઇ. ત્યાં એક પલંગ પડેલો હતો તે પર મહારાજે મોહીનીને બેસવા કહ્યું. મોહીની શરમાઈ જતી જોઈ મહારાજે કહ્યું હું પણ ખુરસી ઉપર બેસુંછું. તમારે તો પલંગ ઉપરજ બેસવું જોઇએ. મહારાજશ્રીના હુકમથી મોહીની પલંગ ઉપર બેઠી. મહારાજે પોતાની અળશીના ખીસ્સામાંથી કાગળ તથા પેન્સીલ કાઢી જોષ જોવાને તૈયાર થયા. પણ

વાંચનાર ! આપણે વિશ્વાનાથ શર્મ્માંની વાત તો ભૂલીજ ગયા. હવે તેમને પણ યાદ કરવા જોઇએ. તે તો પોતાના મેડા ઉપર રહીને બાયડીઓ સાથેની મહારાજની વાતચીત એક ધ્યાને સાંભળતા હતા એટલામાં નિસરણીનાં પગથીઆમાં પગનો સંચાર થતો સાંભળી સીડી તરફ નજર નાખી જુએ છે તો પોતાની પ્રિયતમા મનોરમા આવતી જણાઇ પોતે હસતા મુખે બોલ્યા, પ્રિયા આજે તમને ઘણુંજ મોડું થયું તમને જોવાથી મારૂ શોકાતુર અંતઃકરણ શાંન્ત થઇ આનંદ પામ્યું છે. મનોરમાએ ફારસ શરૂ કર્યું મને તમે ફક્ત જોવાથીજ ખુશી થતા હોતો ઘણીજ સારી વાત છે. હું પણ હવેથી તમને જોઇનેજ ખુશી થઇશ ! આ શબ્દો સાંભળી શર્મ્માં બોલ્યા. તમે આમ કેમ બોલો છો. મને કાંઇ સમજાતું નથી. મનોરમા કહે હવે સમજાશે. વિશ્વનાથ કહે " શું ? " મનોરમા કહે " શું તે એ " શર્મ્માં કહે. " એ તે શું ! " તમે મારી સાથે જે હોય તે ખુલાસેથી વાત કરો. આમાં મને કાંઇ સમજ પડતી નથી. મનોરમા કહે છજામાં શું સમજ પડે, અંદર ચાલો એટલે સમજ પડશે. વિશ્વનાથ શર્મ્માં કહે, અહા ! હું સમજ્યો. ચાલો એ પણ ઠીક કર્યું. હું પણ તમારા શબ્દોની રાહ જોતો હતો. એમ કહી બંને જણા અંદર ગયા. વિશ્વનાથ શર્મ્માં કહે. આવી વખતે કોઇ ઘેર આવે તો પંચાત થાય. માટે એક યુક્તિ કરૂં. જુઓ આ છજાના મેડામાં બે બારણાં છે હું બહાર જાઉં છું ત્યારે આ બારણાને અંદરથી સાંકળ વાસી આ બારણે તાળું વાસું છું. તે પ્રમાણે તમે અંદર બેસો. હું પ્રથમ બારણે તાળું વાસી પછી જોડેના બારણામાંથી અંદર આવી અંદરથી સાંકળ વાસીશ એટલે જે આવશે તે તાળું જોઇને પાછો જશે. ને નીચે

તો કોઇની વસ્તી છેજ નહિં. વિશ્વનાથ શર્મ્મા ઉપર બતાવ્યા મુજબ તાળું મારી બીજા બારણે અંદરની સાંકળ વાસી બંનેજણાં અંદર દાખલ થયાં વિશ્વનાથ શર્મ્મા કહે, પ્રિયા આવો, પલંગ ઉપર બેસીએ મનોરમા કહે, મને જોઇનેજ ખુશી થાઓ છો, તો પલંગ ઉપર બેસવાની શી જરૂર છે. વિશ્વનાથ શર્મ્મા કહે, આમ મને શીદ સતાવો છો. મનોરમા કહે, હું તમને કયાં અડું છું. વિશ્વનાથ શર્મ્મા કહે, અડે તો તો સારૂં જતો. એટલામાં મનોરમાની નજર મોહીનીના મેડાની જાળીમાં પડી. તો અંદર મોહીનીની સાંમે એક સાધુ બેઠેલો જોયો. તે જોઇ વિશ્વનાથ શર્મ્માને કહે જુઓ તો ખરા. અહીં પણ આપણા જેવુંજ ફારસ છે. વિશ્વનાથ શર્મ્મા જોઇ કહે, મારો બેટો સાધુડો તો લુચ્ચો જણાય છે. જોઉં તો ખરો, એ શું કરે છે. એમ કહી, જાળીમાંથી બંને જણાએ જોવું શરૂ કર્યું. હવે આપણે મોહીનીના મકાનમાં નજર ફેરવીએ, કે ત્યાં શું થાય છે. થાય શું? મહારાજે કાગળમાં કોઇક ચોકડી ભાતની લાઇનો દોરી મોહીનીના કપાળ ઉપર હાથ ફેરવીને બરાબર જોઇ રહ્યા પછી, કાંઇક કાગળમાં ટપકાં કર્યાં; ત્યારબાદ મોહીનીના ગાલ ઉપર હાથનો સ્પર્શ કરી મોહીનીનું મોં આમ તેમ ફેરવી, વળી કાગળમાં કાઇક ટપકાં કર્યાં. ત્યારબાદ ગળાના દરેક ભાગ તપાસી વળી કાંઇક લીટા કર્યા તેનાથી નીચે ઉતરતાં ચોળી સિવાયનો ખુલ્લો ભાગ તપાસી કાંઇક અંદર લખ્યું. બાદ બોલ્યા ચોળીનું બટન કાઢી નાંખો. તેથી મોહીની અચકાઇ. મહારાજે કહ્યું સાધુ આગળ શરમ રખાય નહિ. અમે તો તમને પ્રથમથીજ દરેક રેખા તપાસવા કહેલું છે. એટલે મોહીનીએ જાણ્યું, વખતે મહારાજ જતા રહેશે તો ફરીથી તાજો મેળવનાર કોઇ મળશે નહિ. તેથી મોહીનીએ ચો-

ળીનાં બટ્ન પોતાના હાથે કાઢી નાંખ્યાં. કાઢી નાંખતાંની સાથે ચોળીના બંને પડખાં જુદા જુદા પ્રદેશમાં જતા રહ્યા. જતા રહેતાની સાથેજ એક ચમત્કારી દેખાવ થઇ રહ્યો. જાળીથી જોતાં વિશ્વનાથ શર્મ્મા તો દિગ્મૂઢજ બની ગયા. મહારાજ પણ પળવાર એક ધ્યાનસ્થ રહ્યા. હવે હું લખનાર શું લખું, જેની ઉપમા જડવી મુશ્કેલ છે, કવી લોકોએ કનકકળશની આપેલી ઉપમા વ્યાજબી છે. વ્યાજબી પણ કેમ મનાય? કારણ કે પારકા ખરા કનકકળશ જોવાથી કે સ્પર્શ કરવાથી કાંઇ સારૂં લાગતું નથી. પરંતુ આ તો પારકા કે પોતાના હોય તો પણ તે જોવાથી અતિશય આનંદ થાય છે. અને સ્પર્શ કરવાથી તો અલૌકીક આનંદ અનુભવાય છે. હા, હવે મને યાદ આવ્યું તેને સ્વર્ગના ટોલ્લાની ઉપમા આપીએ તો ચાલે. આ પ્રમાણે તેનાં કનકકળશ ઉર્ફે સ્વર્ગના ટોલ્લા કેરીના આકારમાં સુશોભીત અદ્ધર સહેજ ડોલતા તે જોનારાનાં કાળજામાં આઘાત કરતા હતા. જોનારાને એમજ થતું હતું કે આ સ્વર્ગના ટોલ્લા સ્પર્શ કરવાથી બરાબર સ્વર્ગથી પણ અધિક સુખ મળશે. આવો દેખાવ થએલો જોઇ, મહારાજે વિચાર્યું હજુ આગળ ઘણું કામ કરવાનુ છે, એમ ધારી તે સ્વર્ગના ટોલ્લાનો સ્પર્શાનુભવ લેવાય તેમ તેની આજુબાજુ ગોળ હાથ ફેરવી ચોપડીમાં કોઇ ટપકાવ્યું. પછી નાભીની રેખાઓ તપાસી કાંઇક આંકડો મૂક્યો પછી કમરની રેખાઓ તરફથી કાંઇક લખ્યું. અરે, શું ? કટી એટલી બધી તો પાતળી હતી કે કેશરીની કટી પણ તેના પ્રમાણમાં જાડી ગણાંય. આવી નાજુક સ્ત્રી જેણે પૂર્વે પૂન્ય કર્યાં હોય તેનેજ પ્રાપ્ત થાય. હું પણ આજે ભાગ્યશાળી બન્યો છું એમ માની મહારાજનું હૃદય ડોલાં ખાવા લાગ્યું. પછી પગ તરફ જઇ પાની-

ઓ તપાસીને કાંઇક લખ્યું. તેમ વધતાં વધતાં છેક ર્નંગ સુધી આવી પહોંચ્યા. તે બાઇએ હાલના રિવાજ પ્રમાણે છેડેજ સાલો પહેર્યો હતો. તે લગાર અડતાં સાથે સરી પડયો. અને જેમ વીજળી એકદમ થવાથી આંખો અંજાય છે તેમ આ એકદમ સાલો સરી પડવાથી જોનારની આખો અંજાઇ ગઇ અને જેમ મુમુક્ષુ એકી નજરે ઇશ્વર સામુ જોઇ રહે તેમ આ ત્રિપુટી પણ એકી નજરે તેની તરફ સન્મુખ દૃષ્ટિ માંડી સ્થિર થઇ ગયા. આની ઉપમા તો બ્રહ્માથી પણ આપી શકાય તેમ નથી તો હું શી રીતે આપી શકું. તેનું શરીર સાફ બરફના જેવું સફેદ હતું. તેમ આખું શરીર એટલું બધું તો સુવાળું હતું ભાગ્યેજ કોઇ જગાએ રૂંવાટી હોય; આવું એક પરી સમાન દીપતું સઘળું શરીર નજરે પડવાથી તે સાધુ વિચાર કરવા લાગ્યો. હું કેવી પ્રાર્થના કરૂં કે આ સ્વર્ગ સમાન સુખ મળે. બિચારો વિચાર શું કરે ? આ સ્વર્ગ સુખ માટે મહાન પવિત્રજનોએ (નારદ બ્રહ્માદિ) મર્યાદા મૂકી દીધી છે તો આ બિચારા પામર જીવ માટે તો શું પૂછવું ? કામદેવની સ્વારીથી ચોતરફ ઘેરાઇ આવવાથી તે થરથર કાંપવા લાગ્યો, હવે તેમાંથી તેમનો છૂટકો થાય તેમ નહોતું. મહારાજે વસ્ત્રમાં ફક્ત અક્ષફીજ લગાવી હતી. તે ફેંકી દીધી અને પલંગ ઉપર ચઢી બેઠા, તેમજ જાળીએથી જોનાર વિશ્વનાથ પણ કામદેવને આધીન થવાથી મનોરમાનો હાથ પકડી પલંગપર ખેચી ગયા. મનોરમા પણ એટલીજ વાટ જોતી હતી. આ બંને સાથેના મેડામાં બન્ને પલંગ ઉપર બન્ને સજોડાં અલૌકીક સુખનો આ સ્વાદ લેતાં હતાં. પણ ઇશ્વરની ગતિ વિચિત્ર છે. પળમાં શું બને છે તેની કોઇને ખબર નથી. આજે આ મહેલામાં હમણાંજ ખૂન થયું છે. ખુની નાસી

ગયો છે તેની તપાસમાં ફોજદાર વગેરે પોળે પોળે ફરે છે. તેમજ ગામમાં પણ ચોતરફ તપાસ શરૂ થઇ રહી છે. એમ તપાસ કરતાં કરતાં આ પોળમાં પણ પોલીસ પાર્ટી સાથે ફોજદાર આવી પહોચ્યો. ને જ્યાં મહીલા મંડળ બેસી ગપ્પાં સપ્પાં મારતું હતું ત્યાં આવી પહોંચ્યાં. મંડળીમાં વાર્તા પણ મહારાજનીજ થતી હતી. તે અવાજ થોડો ઘણો ફોજદારને કાને પડયો તેણે બાયડીઓને પૂછયું કીયા મહારાજ તે સ્ત્રીઓ ગભરાઇ ગઇ. જવાબ શું આપે ફરીથી ફોજદારે ધીરજ આપી પૂછયું. તેથી એક સ્ત્રીએ હીંમતથી જવાબ આપ્યો. એક મહારાજ હમણાં આવ્યા છે, ને મોહીનીબાના ઘરમાં તેમનો જોષ જોવા ગયા છે. ફોજદારે કહ્યું, નક્કી આજ ખૂની દેખાય છે જોષ જોવામાં કમાડ વાસવાની શી જરૂર ? કમાડ ધક્કેલ્યાં, પણ જવાબ ન મલ્યો. તેથી ફોજદારે ત્યાં પહેરો મૂકયો. મહારાજને તે ખબર પડી. પણ કરે શું ? પહેરો ભરનાર પોલીસ બોલ્યો. સાહેબ, હું આ જીલ્લાનો પોલીસ છું. મને ખબર છે તેથી હું આપને જાહેર કરૂં છું કે આ મેડાની ને જોડેના વિશ્વનાથ શર્માના મેડાની વચ્ચે એક બારી છે માટે વખતે ત્યાંથી શકદાર નાસી છુટવા સંભવ રહે છે. મારો ગુનોહ ન ગણાય તે માટે મેં જાહેર કર્યું છે. ફોજદારે બીજો પોલીસ તુરત વિશ્વનાથ શર્માના દરવાજે બેસાડયો જે પોલીસ અત્રે બેસાડયો તે મનોરમાનો સ્વામિ હતો. પોલીસના અવાજ ઉપરથી મનોરમાએ તેને ઓળખી કાઢયો. હવે શું કરવું? ફસાયા બન્ને મેડા ઉપર બન્ને જોડાં ગભરાયાં કરે છે. તેમજ મને પણ થાક લાગ્યો છે માટે હવે પછીની વાત બીજા તરંગમાં લખીશ. આગળ વાંચવા ઇચ્છા હોય તો એક આનાની ટીકીટ બીડી મંગાવોઃ તરંગ બીજો અથવા મનોરમાની ચાલાકી.

પ્રથમ તરંગ સમાપ્ત.

પ્રિય વાચકો ! મારી કલમ મારા ધારવા મુજબ હદપાર ગઇ નથી. તેમ છતાં આપને લાગતી હોય તો, માત્ર આધુનિક જમાનાને લગતો ખરેખરો ચિતાર લખ્યો છે. તો આશા છે કે સ્ત્રીઓને સાધુની સેવામાં આપતાં અટકાવ થશે. તોજ ભારત વર્ષનું કલ્યાણ થશે. અનન્ય ભકતોએ મહાત્માઓની પોતે જાતેજ સેવા કરવી જોઇએ, અગર તો ગૃહસ્થોએ નોકરોદ્વારા સેવા કરાવવી જોઇએ. તે બધું વિસારી મૂકીને આ જમાનાને અનુસરતા ભકતો પોતાની ઘરની નાની મોટી દરેક સ્ત્રીઓને મહાત્માની સેવા કરવા જતાં અટકાવ કરતા નથી, તેનો બદલો આ વાર્તામાં લખ્યા મુજબ અગર કોઇ બીજી રીતે આવા યુક્તિબાજ સાધુઓ આપે છે. શાસ્ત્રમાં એવું ચોકખું લખાણ છે કે સાધુની દૃષ્ટી પહોંચે ત્યાં સુધીમાં સ્ત્રીનું ચિત્ર પણ હોવું ન જોઇએ. પણ આ તો રંભા સમાન મોહીની જેવી સ્ત્રીઓ સાધુઓની સેવામાં તત્પર થાય તો સૃષ્ટિમાં અનાચાર થાય અને તેથી દુષ્કાળો પડે તેમાં નવાઇ શી ? આપ શાસ્ત્રો વાંચો, અને આવા સાધુઓને પૂછો કે ક્રિયાશાસ્ત્ર મુજબ તમે સ્ત્રીઓ સાથે વહેવાર રાખો છો તથા સેવા કરાવો છો. **पुछंता नर पण्डिताः** તોજ તમને જ્ઞાન થશે. અમે પોતે ત્રીજા તરંગમાં સાધુ કર્તવ્ય એ નામનું પુસ્તક શ્લોકોના દાખલા સાથે લખી આપની સેવામાં રજુ કરીશું.

જાહેર ખબર.

ફરીને ચોપડીઓ વેચી શકે તેવાં મહેનતુ છોકરાં જોઇએ છે. કમીશન સારૂં આપીશું ઇચ્છા હોય તો મળો. સવારના દરરોજ ૧૦ વાગતા સુધી.

ભાગીરથ પ્રભાશંકર શર્મા.

દરિયાપુર નાની હવેલીની પોળ—**અમદાવાદ.**

જાહેર ખબર.

છોકરાઓને સાજા તાજા રાખવા માટે લોકો હજારો રૂપીયા ખર્ચે છે તો અમારી તરફ ધ્યાન આપશો તો થોડે પૈસે ઘણોજ લાભ થશે. અમોને એક ફકીરે તાવીજમાં મઢવાનો જંત્ર બનાવતાં શીખવ્યો તેમાં તેમાં અમુક રકમ ધર્માદા નાખી અમુક રકમ વાપરવા અમને હક આપ્યો છે તે મુજબ અમારી પાસે તાવીજમાં મઢવાના જંત્ર તૈયાર છે. તેના,

ફાયદા.

તાવીજ પાસે રાખવાથી છોકરાઓને નજર કે ઝોડ કપટ લાગતી નથી. તેમજ જે સ્ત્રીઓને કંઇ કારણથી ગર્ભ ન રહેતો હોય અગર અધુરો પડી જતો હોય તો તેમને સંપૂર્ણ ગર્ભ રહી પુત્ર ઉત્પન્ન થાય છે. આ તાવીજ ખાસ કારણોને અટકાવવા માટે

છ. (જેના નશીબમાં જ પુત્ર નથી તેને તો કોઈ આપવાને શક્તિ-
માન નથી તો તાવીજ બીચારૂં શું કરે.)

આ તાવીજ તો છોકરાંઓ માટે અથવા કારણવાળી સ્ત્રીઓ માટે છે. માટે જરૂર હોય તો વી. પી. થી મંગાવો કી. રૂ. ૧। વિ. પી. ખર્ચ સાથે.

ઠેકાણું.
બી. પી. શર્મા.
દરિયાપુર નાની હવેલીની પોળ.—**અમદાવાદ.**



હિત વચનો.

૧. તે નથી રહ્યું તો આ ક્યાંથી રહેશે.

૨. જેવું આ તેવુંજ તે.

૩. સર્વ સત્તા એકનાજ હાથમાં છે.

૪. નશીબનું ઘર ઉદ્યોગ છે.

૫. સોબત કરતાં પહેલાં તથા સ્ત્રીની શીખામણે ચાલતાં પ ખુબ વિચાર કરવો.

૬. ઈંટ્રિ રૂપી સ્નેહ તથા માટી રૂપી સ્વાર્થથી દુનિયા બંધાએલ

૭. દરેક ખરા મીત્ર હોતા નથી. (દુધને પાણી સમાન એકતા તેજ ખરો મીત્ર.)

૮. દુઃખનું મૂળ સુખ તથા સ્નેહ છે.

૯. આશાઓથી ભરપુર માણસ અંતે નિરાશ થઇ દુઃખ ભોગવે છે.

૧૦. લેણું તથા દેવું એ માણસની આબરૂ છે.

૧૧. પાપ તથા પુન્યથી ભવિષ્યનું કર્મ બંધાય છે.

૧૨. કેવળ સત્યજ બોલનારને તપ કરવાની જરૂર નથી.

૧૩. ક્રોધ હોય તો શત્રુ તથા ચંડાળની જરૂર નથી.

૧૪. મૂર્ખ, જોગી, રાજા, પંડીત, તથા પર સ્ત્રી સાથે અતીશય સ્નેહ કરવો તે દુઃખનું મૂળ છે.

૧૫. સ્ત્રીઓએ સાધુની સેવામાં જવું નહિ. તેમજ તેમના હીતસ્વીઓએ મોકલવી નહિ.

૧૬. પોતાના ખરા અંતઃકરણથી કશામાં પોતાપણું ન રાખવું તેજ સુખ. (ને તેજ મોક્ષનું મૂળ છે).